# જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિક પટેલ ૧૭મીએ અધિકારીઓ સાથે બેઠક કરશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના પ્રભારી અને મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ ૧૭મીએ જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક કરશે.

ગુરુવારે સવારે તેઓ જિલ્લાના તમામ અધિકારીઓ સાથે પ્રથમવાર પ્રભારી તરીકે નિયુકત થયા પછી બેઠક કરી રહ્યા છે. આ બેઠકમાં તેઓ જિલ્લાના વિવિધ વિભાગોની સર્વગ્રાહી સમીક્ષા કરશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા તંત્ર એ પણ તમામ વિભાગોને બે થી ત્રણ સ્લાઈડમાં પોતાના વિભાગની મહત્વની સ્લાઈડો બનાવી રજુ કરવાના આદેશ જારી કરી દીધા છે.

ગુરુવારે જિલ્લાના અધિકારીઓની મહેસુલ મંત્રીશ્રીની સમીક્ષા બેઠકને લઈ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. શિક્ષણ, આરોગ્ય, ઉપરાંત ગ્રામસભા અભિયાન સહિતના મુદ્દાઓ તેમજ મહેસુલી પ્રશ્નોની તેઓ જાણકારી મેળવશે.

આ ઉપરાંત તેઓ મહાનગરપાલિકાના તંત્ર વિશે પણ જાણકારી મેળવશે તેમજ વિવિધ તાલુકાઓમાં ચાલી રહેલા વિકાસના કામોની વિગતે સમીક્ષા કરશે. પ્રભારી મંત્રી દ્વારા સુજલામ-સુફલામ અંતર્ગત થયેલ કામગીરી, જિલ્લામાં પાકની સ્થિતિ, જળસંચય અભિયાન સહિતની બાબતો વિશે પણ વિસ્તૃત વિગતો મેળવશે.

જિલ્લામાં સિઝનનો ૧૧૦ ટકાથી વધુ વરસાદ થયો હોવાથી માર્ગ અને કૃષિ ક્ષેત્રે થયેલ નુકશાની અંગેની પણ જાણકારી મેળવશે.

# દિવાળીની છડી પોકારતા દીવડા



દીપના ઉત્સવ તરીકે ઉજવાતા દેશના સૌથી મોટા ઉત્સવ દિવાળીની છડી પોકારતી આ તસવીર છે. જિલ્લા અને રાજ્યના કારીગરો દ્વારા મોટા પ્રમાણમાં માટીનાં કોડિયાં બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ચાઈનીઝ ફાનસ આવે કે ઈલેક્ટ્રીક દીવડા, કોડિયાએ આજે પણ પોતાનું મહત્ત્વ જાળવી રાખ્યું છે એની આ તસવીર શાખ પૂરે છે.

# કોલવડા આવાસ યોજના અન્વયે બાકી લાભાર્થીઓને મકાન ફાળવાશે

## આવાસોની મરામતનું કામ પણ ટુંક સમયમાં હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર નજીક કોલવડા વિસ્તારમાં અગાઉ ઝુંપડાવાસીઓ માટે આવાસ તૈયાર કરાયા હતા. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલી આવાસ યોજનાના અંતે લાભાર્થીઓને મકાનની ફાળવણી પણ કરવામાં આવી હતી આમછતા અંદાજિત ૧૮૨ જેટલા મકાનો હજુ ફાળવણીના અભાવે ખાલી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જેને અનુલક્ષી આગામી દિવસોમાં બાકી રહેતા આવાસ ફાળવવા પ્રક્રીયા હાથ ધરાશે જેથી હાલ લાંબા સમયથી ઉપયોગના અભાવે કંગાળ બનેલા આવાસોની મરામત કરવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે. કોલવડામાં નિર્માણ ઝુંપડાવાસીઓની આવાસ યોજના અન્વયે બાકી રહેતા લાભાર્થીઓને ટુંકમાં આવાસ ફાળવવા માટે પ્રક્રીયા હાથ ધરાશે. આ આવાસ યોજનાના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરાયો છે. શહેરમાં વસતા ઝુંપડાવાસીઓ માટે અગાઉ ૮૦૦ જેટલા આવાસ તૈયાર કરવામાં આવ્યા હતા. જો કે આ આવાસ યોજના તૈયાર થયા બાદ પણ લાંબા સમય સુધી મકાનો ફાળવવામાં આવ્યા ન હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. જયારે આવાસોની ફાળવણીના અંતે હાલ કેટલાક મકાનોમાં ઝુંપડાવાસીઓનો વસવાટ પણ છે. પરંતુ બાકી રહેતા ૧૮૨ લાભાર્થીઓને પણ ટુંકમાં મકાનો ફાળવવા માટે કાર્યવાહી હાથ ધરાશે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી આવાસ યોજના બિનઉપયોગી હાલતમાં હોવાથી જાળવણીના અભાવે કેટલાક મકાનો સદંતર ખંડેર બન્યા છે. આ સ્થિતિને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગ દ્વારા હવે આવાસોના રીનોવેશનનુ ટુંકમાં કામ શરૂ કરાશે. તંત્ર દ્વારા મરામતને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે આવાસોના રીપેરીંગ પાછળ રૂ ૨૫ લાખનો ખર્ચ કરાશે. આ આવાસો બિનઉપયોગી હોવાની સાથે આતંક મચાવતા વાનરોએ પાણીની ટાંકી પણ તોડી નાંખી છે. જયારે આવાસોને કલરકામ કરવાની પણ અનિવાર્યતા છે.

# કોંગ્રેસ દ્વારા કારકુનની પરીક્ષા રદ કરવાના વિરોધમાં પ્રદર્શન



ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાલય કારકુન અને ઓફિસ આસિટન્ટની પરીક્ષા રદ કરવાના નિર્ણય સામે આજે કોંગ્રેસ પક્ષ દ્વારા વિરોધ સહ ધરણા યોજવામાં આવ્યા હતા.

સે. ૬ની સત્યાગ્રહ છાવણી ખાતે શહેર અને જિલ્લા દ્વારા યોજાયેલા સંયુક્ત વિરોધ કાર્યક્રમમાં ચૂંટાયેલી પાંખના તેમજ સંગઠ્ઠનની પાંખના આગેવાનોની ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી. મનપાના ૩ કાઉન્સીલરો અને જિલ્લા પંચાયતના ૪ સદસ્યો જ આ ધરણા વિરોધના કાર્યક્રમમાં જોડાયા હતા.

પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, હિમાંશુ પટેલ, પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહના નેતૃત્વમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતે આગેવાનોએ કલેક્ટર કચેરી જઈ આવેદનપત્ર આપ્યુ હતુ. આવેદનપત્રમાં મધ્યપ્રદેશ સરકારના વ્યાપમ કૌભાંડની સ્પર્ધામાં ગુજરાતમાં વ્યાપક

(અનુ. સાતમા પાને)

# મનપાની સ્થાયી સમિતિએ ટેન્ડરના કરારમાં વધારો કરવાના અભિગમની ઝાટકણી કાઢી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિએ આજે ટેન્ડરની મુદત વધારવાના તંત્રાના અભિગમની આકરી ઝાટકણી કાઢી હતી અને મુદત પૂર્ણ થતી હોય તેના ત્રણ માસ અગાઉ ટેન્ડર જારી કરવાની કડક સૂચના આપી હતી.

આજે ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં સિવીલ યુનિટના ટેન્ડરની બાબત મુલત્વી રાખવામાં આવી હતી જયારે પેટા ચૂંટણીના ખર્ચના હિસાબો અંગે કમિશનરની ભલામણ ગ્રાહ્ય રાખી ખર્ચના હિસાબો આગામી બેઠકમાં રજુ કરવાની સૂચના અપાઈ હતી.

આજે સ્થાયી સમિતિની બેઠકમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિકાલ માટે ટ્રોમીલ નાખવાની દરખાસ્તને હંગામી મંજૂરી પણ આપી દેવામાં આવી છે. છ મહિનાની કામગીરી જોયા બાદ તેની મુદતમાં વધારો કરવામાં આવશે તેવો સ્પષ્ટ અભિગમ સ્થાયી સમિતિએ વ્યકત કર્યો છે.

આ બેઠકમાં ઈન્દ્રોડા ગામ ખાતે પ્રોટેકશન વોલ બનાવવાના ટેન્ડરનો પણ બહાલી આપવામાં આવી છે. આ ઉપરાંત જનની સુરક્ષા યોજના અંતર્ગત કઠોળના ટેન્ડરના કરારની મુદત લંબાવી આપવાની દરખાસ્તને ગ્રાહ્ય રાખી કડક તાકીદ કરી હતી કે ત્રણ મહિના પહેલાં જ ટેન્ડર પ્રોસેસ પૂર્ણ કરવામાં આવે.

સ્થાયી સમિતિએ મેનપાવર સેવાઓ પુરી પાડવાના ઈજારાની મુદતમાં પણ બે માસનો વધારો કરી અને ટેન્ડર પ્રક્રિયા ઝડપી બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. સ્થાયી સમિતિએ આજે ટેન્ડરના કરારની મુદતમાં વધારો કરવાના તંત્રાના અભિગમને લઈ જે નારાજગી વ્યકત કરી છે તે મુદ્દાએ શહેરના રાજકીય વર્તુળમાં ચર્ચાનું સ્થાન લીધું છે. મનપાની સ્થાયી સમિતિ છેલ્લી કેટલીક બેઠકોથી તંત્રના અભિગમ સામે જે રીતે નારાજગી વ્યકત કરે છે તે આગામી દિવસોમાં વહીવટીય પાંખ અને તંત્ર વચ્ચે ઘર્ષણ થવાના એંધાણ આપી રહ્યું છે તેમ સ્પષ્ટ થાય છે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

# કલોલ માણસા માર્ગને ૬૦ કરોડના ખર્ચે ફોરલેન કરાશે

ગાંધીનગર, તા. ૧૫

કલોલ માણસા માર્ગને સાત મીટરમાંથી ફોરલેન કરવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬૦ કરોડનો ખર્ચ કરાશે. આ પ્રોજેકટ અન્વયે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. ટેન્ડર મંજુરીના અંતે ટુંકમાં કામ હાથ ધરાશે. ૨૪ કી મીનો આ માર્ગ ફોરલેન કરવાની કામગીરીના લીધે ટ્રાફિકની અવરજવર વધુ સરળ બનશે. ગાંધીનગર જિલ્લામાં હાલ રસ્તાઓનુ પેચવર્ક હાથ ધરાયુ છે. જેમાં વરસાદી દિવસોના અંતે માર્ગાનુ ધોવાણ થતા આ માર્ગોને યોગ્ય કરવા માટે યુધ્ધના ધોરણે કામ ચાલી રહ્યુ છે. શહેરની સાથે જિલ્લાને જોડતા વિવિધ માર્ગો પર પેચવર્કની કામગીરી ચાલી રહી છે. જયારે બીજીતરફ નવા રસ્તાઓના નિર્માણ માટે પણ કાર્યવાહી હાથ ધરવાનુ આયોજન કરાયુ છે. શહેરમાં રોડ નેટવર્કને વિકસાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાય છે. જયારે જિલ્લામાં પણ વિવિધ રસ્તાઓ પર વિકાસના અનેકવિધ

(અનુ. સાતમા પાને)


# દોલારાણા વાસણાના જંગલમાં દિપડાનો બચ્ચા સાથે વસવાટ : ભેંસ પર હુમલો

## વહેલી સવારે એક દિપડાને પાંજરામાં પુરી વનતંત્રએ હાંશકારો અનુભવ્યો ત્યાં બીજા દિપડો પરિવાર સાથે વસવાટ કરતો હોવાની વાત સામે આવી : ગ્રામજનોમાં ભય

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક સાબરમતી નદી કીનારાના ગામો હજુ દિપડાની દહેશતમાંથી મુક્ત થયા ન હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે ગઈકાલે જ વહેલી સવારે વનવિભાગે દિપડાને પાંજરામાં કેદ કરી હાંશકારો અનુભવ્યો હતો. જયારે સોમવારે સાંજે દોલારાણા વાસણા ગામમાં દિપડા તેમજ તેના બચ્ચાએ દેખા દીધી હોવાનુ ગ્રામજનો જણાવી રહ્યા છે. જયારે આ દિપડાએ એક ભેંસ પર હુમલો કર્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. દિપડા સહીત તેના બચ્ચાનો પણ જંગલ વિસ્તારમાં વસવાટ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ગાંધીનગરમાં ગત ધનતેરસે દિપડો નવા સચિવાલય સંકુલમાં ઘુસી જતા વનતંત્રએ મહામહેનતે દિપડાને પાંજરામાં કેદ કર્યો હતો. જયારે છેલ્લા એક વર્ષથી ગાંધીનગરના નદી કીનારાના વિસ્તારોમાં દિપડાના પગમાર્ક વારંવાર જોવા મળતા હોવાનુ ધ્યાને આવતા ગ્રામજનોમાં પણ ફફડાટ પ્રવર્તયો છે. ગઈકાલે જ વહેલી સવારે વનતંત્રએ દિપડાને પાંજરામાં કેદ કરી નિરાંતનો શ્વાસ લીધો હતો. જયારે દોલારાણા વાસણા ગામની હદમાં જ દિપડાએ સોમવારે સાંજે ફરી દેખા દીધી હોવાનુ ગ્રામજનો જણાંવી રહ્યા છે એટલુ જ નહીં પરંતુ આ દિપડો તેના બચ્ચા સાથે ફરતો જોયો હોવાની વાત પણ સામે આવી છે. ગઈકાલે સાંજના સમયે આ દિપડાએ એક ભેંસ પર હુમલો કર્યો હોવાની હકીકત પણ સ્થાનિક ગ્રામજનો જણાંવી રહ્યા છે. ત્યારે દિપડો તેના બચ્ચા સાથે આ જંગલ વિસ્તારમાં વસવાટ કરતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. વનતંત્રએ પણ દિપડીને પકડવા માટે પાંજરુ મુકી દીધુ છે. જયારે દિપડો પકડાયા બાદ આ દિપડો તેના બચ્ચા સાથે હોવાથી હિંસક બને તેવી દહેશત પણ પ્રબળ બની છે.

### બેસણું



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી **ગં. સ્વ. મહાલક્ષ્મીબેન હરીદાસ શાહ** તા.૧૪-૧૦-૨૦૧૯ને સોમવારના રોજ ગાંધીનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૭-૧૦-૨૦૧૯ને ગુરૂવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : કડવા પાટીદાર સમાજ, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર**

**પ્રવિણકુમાર હરીદાસ શાહ** (નિવૃત, સુપ્રિ. ઓફ ફીશરીઝ)

**મહેન્દ્રકુમાર હરીદાસ શાહ** (એક્ટિંગ ચેરપર્સન, ગુ.રા. માનવ અધિકાર આયોગ, ગાંધીનગર)

### દ્વિતીય માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નરેન્દ્રસિંહ છાબડા**

સ્વ. તા. ૧૬-૮-૨૦૧૯

સૂર્યનું સમી સાંજે અસ્ત થવું
એ કુદરતનો ક્રમ છે.
પરંતુ મધ્યાહન અસ્ત થવું
એ વિધિની વક્તા છે.

તારી અચાનક વિદાય અમારા માટે અસહ્ય બની છે.
ઈશ્વર તારા આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...

લી.
**પરમજીત છાબડા (પત્ની)**
**તથા છાબડા પરિવાર**

પશ્ચિમ રેલવે
૨ 'સેવા' ટ્રેનો રજૂ કરેછે
અસારવા - હિમ્મતનગર અને
મહેસાણા - વડનગર
૧૬ ઓક્ટોબર, ૨૦૧૯થી

અસારવા ⇌ હિમ્મતનગર
(ડેમ્યુ સેવાઓ - એક અઠવાડિયામાં ૬ દિવસ)

| ગાડી સં. | પ્રસ્થાન | આગમન | પ્રસ્થાનના દિવસો |
|---|---|---|---|
| ૭૯૪૦૧ | અસારવા ૦૯.૦૦ વાગે | હિમ્મતનગર ૧૧.૨૫ વાગે | રવિવાર સિવાય |
| ૭૯૪૦૨ | હિમ્મતનગર ૦૬.૩૦ વાગે | અસારવા ૦૮.૪૫ વાગે | રવિવાર સિવાય |
| ૭૯૪૦૩ | અસારવા ૧૯.૦૦ વાગે | હિમ્મતનગર ૨૧.૧૫ વાગે | શનિવાર સિવાય |
| ૭૯૪૦૪ | હિમ્મતનગર ૧૫.૦૦ વાગે | અસારવા ૧૭.૧૫ વાગે | રવિવાર સિવાય |

થોભશે: સાહિજપુર, સરદારગ્રામ, નરોડા, મેદ્રા, ડભોડા, નાદોલ દહેગામ, જલિયા મથ, રખિયાલ, ખેરોલ, તલોદ, ખારી અમરાપુર, પ્રાતિજ, સોનાસન અને હાપા રોડ સ્ટેશન બંને દિશાઓમાં.

મહેસાણા ⇌ વડનગર
(ડેમ્યુ સેવાઓ - એક અઠવાડિયામાં ૬ દિવસ)

| ગાડી સં. | પ્રસ્થાન | આગમન | પ્રસ્થાનના દિવસો |
|---|---|---|---|
| ૭૯૪૦૫ | મહેસાણા ૦૮.૫૦ વાગે | વડનગર ૦૯.૫૫ વાગે | રવિવાર સિવાય |
| ૭૯૪૦૬ | વડનગર ૦૭.૨૫ વાગે | મહેસાણા ૦૮.૩૦ વાગે | રવિવાર સિવાય |
| ૭૯૪૦૭ | મહેસાણા ૧૮.૩૦ વાગે | વડનગર ૧૯.૩૫ વાગે | શનિવાર સિવાય |
| ૭૯૪૦૮ | વડનગર ૧૭.૧૫ વાગે | મહેસાણા ૧૮.૨૦ વાગે | રવિવાર સિવાય |

થોભશે: રંડાલા, પુદગામ ગણેશપુરા, વિસનગર અને ગુંજા સ્ટેશન બંને દિશાઓમાં.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : twitter.com/WesternRly

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com